પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી  નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ આયોજીત પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૮મી જન્મજયંતિ ઉજવણી  નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના તુમ મુજે ખૂન દો, મે તુમ્હે આઝાદી દુંગા, આઝાદી અમર રહો જેવા રાષ્ટ્રીય નારાઓ સાથે નગર પ્રાથમિક  શિક્ષણ સમિતિની શાળાના  વિધ્યાર્થીઓ રેલી આકારે આવી કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આઝાદ  હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને આ પ્રસંગે માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, માન.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી, ડે.મેયરશ્રી ડો.નરેશ એસ. પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન  ત્રિપાઠી,  શાસક પક્ષના દંડકશ્રી ધર્મેશકુમાર વાણીયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ,  વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ અને નગરજનો તથા  વિધ્યાર્થીઓએ પુષ્પાંજલી અર્પણ સાથે વંદના કરી હતી.

સમાચાર યાદી નં. ૪૫૭ , તા.૨૩/૦૧/૨૦૨૫, જનસંપર્ક  વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.